
મસીહ મંગલા



કર્તા અને પ્રકાશક:

જ્હોન જે. કૉન્ટ્રાકટર

મણિલાલ કે. પરમાર

આણંદ.

પ્રથમાવૃત્તિ

૧૦૦૦

પ્રાપ્તિસ્થાન.

મહિડા મન્ઝિલ

આણંદ.

મૂલ્ય: ૦—૨—૦

મુદ્રક:
રણછોડભાઈ વ્હેરીભાઈ પટેલ

મુદ્રણ સ્થાન:
રા. પું. આર્યપ્રકાશ પ્રેસ, આણંદ

તા. ૧૮—૧૨—૪૦.

“પ્રોત્સાહન”ના તંત્રી તરફથી—

“મસીહ મંગળા”ના ગીતો અર્થ ભરેલાં છે, હૃદયથી ગાવા યોગ્ય છે. આધુનિક યુગમાં ખ્રિસ્તની શાંતિ સિવાય કોઈ શાંતિ સંપૂર્ણ શાંતિ નથી. આ પુસ્તિકામાં ઈસુના જન્મ, મરણ તેમજ પુનરુત્થાનનાં પ્રસંગનું સંગીત ગાન કરવામાં આવ્યું છે.

વર્તમાન યુગમાં યુવક યુવતિઓ નાના પ્રકારના સંગીતમાં તન્મય બની ખ્રિસ્તી ગીતો તરફ બેદરકાર બનતાં જાય છે. જો તેઓ આ પુસ્તિકાના સ્તવનોનો લાભ લે તો જરૂર તેઓ અમર જીવનને પ્રાપ્ત કરે.

આપણા સમાજમાં યુવક યુવતિઓને આવા ખ્રિસ્ત પ્રેમની લગની લાગે એ રાજી થવા જેવું છે. બીજા યુવાનો એમના સહભાગીદાર બને એ વધુ પ્રિયતર કહેવાય. ભવિષ્યમાં આપણા માટે ખ્રિસ્તની સાહેબની અતિ અગત્યતા આવનાર છે તો અનેક રીતે તેઓ ખ્રિસ્ત પ્રેમી બને એ અતિ આવશ્યક છે.

નાતાલ તેમજ નવા વર્ષના આનંદોત્સવોમાં ચિત્રો મોકલીને સલામ–અભિનંદન પાઠવવામાં આવે છે જેથી નકામો ખર્ચ થાય છે તો તેના કરતાં એવા પ્રસંગોમાં “મસીહ મંગળા”ની નાની ચોપડી મોકલવામાં આવે તો ઘણોજ લાભ થાય.
ઉપરોક્ત પુસ્તિકા જનતાની ભક્તિરૂપી જરૂરીઆત પુરી પાડી શકે એમ મારું માનવું છે.

તા. ૭–૧૧–૪૦
ઉનાઈ.

એન. એમ. મહિડા.

પ્રસ્તાવના

આ ગીતોની પુસ્તિકા ખ્રિસ્તી સમાજના કરકમળમાં મુકતાં અમને અત્યંત હર્ષ થાય છે અને તેને કેટલાક સંજોગોને લઇ સંપૂર્ણ સ્વરૂપ આપવાનો ઇરાદો હોવા છતાં આપી શકાયું નથી જેથી સખેદ છીએ. પરંતુ અમારી ઇશ્વર પ્રત્યે પ્રાર્થના છે કે વહેલામાં વહેલી તકે પુસ્તકને સંપૂર્ણ સ્વરૂપ આપવામાં પ્રભુ અમને સહાય કરો.

આ પુસ્તિકાનાં ઘણાં ખરાં ગીત સુફીવાદમાં લખાયાં છે અને સુફીવાદમાં પરમેશ્વરને પ્રિયા તરીકે માનવામાં આવે છે જેથી એ સૂચીત શબ્દો વાપરવામાં આવ્યા છે, તો તેની નોંધ લેશો. શૃંગારિક કે બિભત્સ ગીતને આમાં સ્થાન હોય શકે જ નહિ તે અમે સમજીએ છીએ.

આશા છે કે ખ્રિસ્તી સમાજ અમારા આ નજીવા પ્રયત્નને વધાવી લેશે અને તેથી ખ્રિસ્ત રાજ્ય પ્રચારમાં કંઇ મદદ થઇ શકશે તો અમે પોતાને કૃતકૃત્ય માનીશું.

છેલ્લે કોઇપણ વ્યક્તિને પુસ્તિકાના કોઇપણ કાવ્ય સંબંધી કંઇ મુશ્કેલી હોય તો અમને જણાવવાથી તે મુશ્કેલી દૂર કરવા યથાયોગ્ય પ્રયત્ન થશે. અસ્તુ.

૮-૧૨-૪૦
મહિલા મન્ઝિલ,
આણંદ.

જહોન. જે. કોન્ટ્રાકટર

મણિલાલ. કે. પરમાર

મંગળાચરણ

વિદ્યા જ્યોતિ

રાગઃ– એકજ દે ચિનગારી...મહાનલ...

એકજ છે ઉર આશ...મસીહા
જીવનરાહ બહુ ભયાનક, ડગલે પગલે કાંટા...
વિદ્યા જ્યોતિ આપી અમને તિમિર ટાળો દાતા...મસીહા...

જીવન સાગરે તુફાનો ભારી નૌકા ઝૂલે અમારી...
નાવિક તું વિણુ કોઇ નથી, જે બચાવે નૌકા અમારી...મસીહા...

મસીહ જીવન, મસીહ સત્ય, મસીહ રાહ બતાવો...
આદેશ તમથી ખીલે અનુપમ જીવન બાગ અમારો...મસીહા...

ખ્રિસ્ત કૃપાથી આલમભરમાં શાંતિ સામ્રાજ્ય થાયે...
માનવ જાતના હૃદય પરથી પટ અંધાર ચીરાયે...મસીહા...

ખ્રિસ્ત જયંતી

૧ ઇસુ જયંતી દિને

(રાગઃ– પ્રિતમ પેરીસ જઇએ...)

ઉગ્યાં, ઉગ્યાં, આજે નવલાં પ્રભાત
ઇસુ જયંતી દિને
આનંદ આનંદ અવનિ પરે રેલાય
આજ નાતાલ દિને...

વ્યોમ મંડળે તારક જોશું,
દૂત કેરી વાણી સુણીશું,
જનમ્યો, જનમ્યો આજે પ્રભુનો બાળ;
શાંતિ સ્થાપવાને...આનંદ...

પૂર્વ દિશામાં તારક દેખી,
માર્ગ સૂચક એમજ લેખી,
જઈશું, જઇશું, અમ બેથલેહેમની વાટ;
તારણ પામવાને...આનંદ...

પ્રીતિ રૂપી નજરાણું લઇને,
ગભાણમાં ઝટ દોડી જઇને,
દર્શન, દર્શન, અમ કરશું વાર હજાર;
એ દૈવી સૂતનાં...આનંદ...

સ્વર્ગી ભૂપનો સત્કાર કરશું,
પુલકિત હૃદયે ભેગા થાશું,
ગાશું, ગાશું, અમ શાંતિકુંવરનાં ગાન;
અમ આનંદ કરશું...આનંદ...

રાજગૃહે નવ જન્મ લીધો,
પારણિયે ઝૂલો નવ લીધો.
સૂતો, સૂતો, એ નમ્ર થઈ ગભાણ;
અમ અધમ કાજે...આનંદ...

દુશ્મન દોસ્તો ભેગા મળાશું.
હસ્તમાં હસ્ત પરોવી ફરશું,
કરશું, કરશું, જગમાં શાંતિનું રાજ;
અમ શાહીદ થાશું...આનંદ...

૨ ખ્રિસ્ત જયંતી

(રાગ:- બંદે જીવન હૈ સંગ્રામ...)

હર્ષના નાદ બજાવો આજે,
જનમ્યો તારણહાર...જગમાં...(૨)
આનંદ ઉર ઉભરાય...જગમાં...

તારક દીઠો પ્રાચી દિશે,
દૂત આવીયો ભૂમિ વિષે,
"ઉદ્ધાર જનમ્યો આજે"...(૨)...જગમાં...

માગી ચાલ્યા તારક દેખી,
બાળ મસીહને રાજા લેખી,
અર્પ્યાં ધૂપ ધન તેને...(૨).. જગમાં...

પ્રકાશ આપ્યો અંધાર કાપ્યો,
પાપીને આનંદ આપ્યો,
જીવન નૌતમ થાય...(૨).....જગમાં.....

સ્વર્ગ ભુવનથી શુદ્ધતા કાજે,
"પ્રેમ" સરિતા વહેતી આજે,
સ્નાન કરો સહુ આજે...(૨)...જગમાં...

૩ શાંતિ કુંવર જયંતી (રાસ)

(રાગઃ– જાઓ, જાઓ, જાઓ કુંવર કન્હાઈ
મોરી...મટુકી છિનાઈ...)

આવો, આવો, આવો સાહેલડી સહુ આજે
જઈએ દર્શન કાજે...આવો...

તારો દેખી પૂર્વે, માગીઓ ચાલ્યા સર્વે,
બાળક પ્રભુનાં દર્શન માટ...
તારો જોઈને બેથલેહેમ વાટ...
નજરાણું લઈ લે, પ્રીતથી દઈ દે, પ્રભુ સૂતને ભેટરે...આવો

ગભાણુ સ્થાને તારો સ્થિર થાય,
દૂતો તણા નાદો મધુર સંભળાય,
દોડી દોડી જઈએ પ્રભુ ઇસુ જોવા
જગતારક કેવા ?...આવો

જગમાં જનમ્યો આજ તારણહાર,
પાપીઓને આનંદ થાયે અપાર,
ચાલો ચાલો જઈએ ગુણગાન તેનાં ગાઈએ
બાળ શાંતિકુંવરનાં...આવો

નવલ વર્ષ

૧ નવલ

(પ્રભુ પ્રેમની બંસી બજાવો...એ લય)

નવલ વર્ષમાં નવલ બનાવો
    નવલ જ્ઞાન સ્ફૂરાવો;
પ્રભુ નવલ નાદ સુણાવો...
નવલ વર્ષની નવલ ઉષાનું
    નવલ કિરણુ પ્રગટાવો;
જુના જગના ભેદ ભૂલાવી,
    નવલ વાદ્ય બજાવો...પ્રભુ...૧.

નવલ દિલમાં નવલ આશા,
    નવલ નાટચ કરાવો;
મસીહ ઇશના નવલ વર્ષમાં,
    શાંતિ જગે પ્રસરાવો...પ્રભુ...૨.

નવયુવાનમાં નવલ વિચારો
    નવલ ક્રાંતિ કરાવો;
સડો સમાજનો દૂર કરાવી,
    સમાજને સુધરાવો...પ્રભુ...૩.

નવલ સાલમાં નવલ સાગરે,
    નવલ નાવ તરાવો;
મસીહ નાવિક સ્વર્ગીય દેશે,
    નવલ લાભ અપાવો...પ્રભુ...૪

૨ નૂતન વર્ષાભિનંદનમ્

(રાગ:- કુંજન વનમાં કુંજે કોયલડી...)

નવલ વર્ષમાં નવલ નાદના,
નવલ સૂર ગજાવજો રે...
દુનિયા નવીન જણાય...નવલ...
પ્રચાર કરીને ખ્રિસ્ત મસીહનો.
તેને નમજો હિંદી તન, કરજો તેનું નામ રટન,
ભારત પાવન થાય...દુનિયા...

(સાખી)

થઈ ખ્રિસ્તના શાગીર્દ તમ, લેજો દુખીનાં દુ:ખ
સેવાથી પ્રભુ રાચશે, મળશે સ્વર્ગનું સુખ...નવલ...

શાંતિકુંવરના સાથી થઈને,
તેના યશ ગાજો હિંદ જન
શામ સુબે કરજો રટન
દ્વૈતા સહુ હરણાય...દુનિયા...

(સાખી)

વર્ષાભિનંદનમ આજનાં, સ્વીકારો સ્નેહીજન,
ખ્રિસ્ત રાજ્યની આશના, ઉગાવો અંકુર મન...નવલ...

શુભ શુક્રવાર અને પુનરુત્થાન

૧ સર્વોત્તમ સ્વાર્પણ

(રાગઃ— રક્ત ટપકતી સો સો ઝોળી સમરાંગણથી આવે)

ભાનુ તપંતા શીળા તાપે,
વાયુ મન્દ વહેતો,
ગરીબ જનનાં દુઃખડાં હરી લે એવો વખ્ત વહેતો
આજે મસીહા પોઢ્યો રે, બંધુ દેખો આ સ્થંભ પરે...

અગાઉથી પ્રગટાવેલું કે
"સ્વેચ્છાથી ગત થઈને
પાપી જગને તારણ દેવું" એવું સત્ય કરીને
આજે મસીહા પોઢયોરે, બંધુ દેખો આ સ્થંભ પરે...

પાઠવ્યો તેણે ભાઈઓને
ભ્રાતૃ પ્રેમ જ સાચો
સંકટ વેઠયાં અગણિત તેણે દયા માનવ પર લાવી
જગના તારક પોઢયો રે, બંધુ દેખો આ સ્થંભ પરે...

જીંદગી માનવની છે સ્વાર્થી,
તે વિણ મનુજ ન કોઈ;
પરમાર્થ શીખવી જગને તેણે આદર્શ રાહ બતાવી
મારો મસીહા પોઢયો રે, બંધુ દેખો આ સ્થંભ પરે...

બ્હેરાં, મુગા, નયનાંવહીનને
કર્ણ, જીભ, નયનો આપ્યાં
દિવ્યતાનો પ્રકાશ રેડી તિમિર તેમનાં કાપ્યાં
એવો મસીહા પોઢયો રે બંધુ દેખો આ સ્થંભ પરે...

૨ નવલાં અજવાળીયાં.

(મીઠા લાગ્યા તે મને આજના ઉજાગરા...એ રાગ)

નવલાં ઉગ્યાં તે મારે આજનાં પ્રભાતીયાં
ઉષા મધુર ખીલી આજ રે...
અલબેલાં આજે પ્રભાતીયાં...નવલાં

કિરણે કિરણે આજ નવલાં અજવાળીયાં
અંતરમાં આવ્યો ઉલ્લાસ રે...અલબેલાં...નવલાં

આનંદ આનંદ આજ ભૂમિ પર ગાજે
ઉઠયો મસીહ મારો આજ રે...અલબેલાં...નવલાં

દૈવી સૂત દુનિયામાં માનવ થઈ ઉઠયો
સ્વર્ગનાં દ્વાર ખોલાય રે...અલબેલાં...નવલાં

પાપ મૃત્યુમાંથી સજીવ ઉઠીને
કરીએ નવ જીવન મંડાણ રે...અલબેલાં...નવલાં

પ્રભુમાં ચાલી 'પ્રેમ' વહાવી
સ્વર્ગ દેશે સહુ જાય રે...અલબેલાં...નવલાં

૩ ઈસ્ટર ઉષા.

(વિકસાવે નવજીવન કુસુમ આ વિદ્યાની વાડી...એ લય)

પ્રગટાવે ઉર આનંદ આજે ઉષા ઈસ્ટરની...
દૈવી સૂતની મહત્તા કે'તી આનંદ ઉરમાં ભરતી...આજે...

ઉત્થાનના કંઇ સંદેશ કહેતી,
ખ્રિસ્ત મસીહની વાણી વ્હેતી,
"મૃત્યુ લોકે એ સજીવ કયાંથી?"...ઉષા...પ્રગટાવે

(સાખી)

પ્રાર્થ વિણ મુક્તિ નહીં, વિણ મુક્તિ નવ સુખ
મોક્ષે સુખ તમ માણશો જાશે પાપનું દુઃખ,
સ્વરનું સુખ જો ચાહો
ઇશના આદર્શો ગ્રહો
જીવને તેને ઉતારો...આજ

૪ યાચના.

(રાગઃ—પૂજારી મોરે મંદિરમાં આવો)

પ્રભુજી, હૃદય મંદિરમાં આવો...
દુનિયાનાં દારુણ દુઃખોથી મસીહા મને બચાવો...પ્રભુજી
મારાં પાપોની માફી આપીને મોક્ષ માર્ગ બતાવો
વિદ્યાનું રસપાન કરાવી સુકર્મો તું કરાવ...પ્રભુજી
બચપન વહી ગયું પ્રભુ મારૂં, ખ્રિસ્ત માર્ગ બતાવો...
જીવન ઉન્નત કરવા કાજે આદર્શ મંત્ર સુણાવ...પ્રભુજી
પ્રભુ અચળ છે, પ્રભુ પ્રેમી છે
વિશ્વપ્રેમ વરસાવો;
'મુક્તિ'નો પયગામ પ્રભુજી, આપોને અપાવો...પ્રભુજી

૫ પ્રભુજી ભૂલા પડો.

(રાગઃ—સાગર રાજ ધીરા વહો...)

આ દુનિયાને પાપથી બચાવવા,
પ્રભુજી, ભૂલા પડો...(૨)
તમ સ્હાય વિણુ જગમાં નવ કો બચે,
જગ અંધારમાં સહુ ઠોકરે પડે,
દિવ્ય જ્યોતિથી પંથ ઉજાળવા...પ્રભુજી...

આ માનવી જગતિક સુખ ચહે,
તે મેળવવા નિત્ય યત્ન કરે,
આત્મિક સુખ સાગર બતાવવા...પ્રભુજી...

જગપર દુશ્મનાવટ વધી પડે,
ભાઈ ભાઈને મારવા તલપી રહે,
ભ્રાતૃ પ્રેમનો પાઠ શીખવવા...પ્રભુજી...

વિણ તારી જગત આ દુઃખી બને,
તમ કૃપા વિણ સર્વ રૂદન કરે.
વિશ્વપ્રેમની રેલ રેલાવવા...પ્રભુજી...

૬ ખ્રિસ્ત પ્રેમી.

(મય ભોરી સી પૂજારીન...પૂજા કરુંગી...એ રાહ)

સહુ ખ્રિસ્તના પ્રેમી થઈને,
ખ્રિસ્તી બનીશું...(૨)

હૃદય મંદિરમાં મસીહ બિરાજે,
નામ તેનું રટશું અમ આજે,
ખ્રિસ્તપ્રકાશ પીશું,
જીવન રાહ ઉજાળશું...(૨)...સહુ...

વિશ્વ વ્યોમમાં ધૂમી વળીને
ખ્રિસ્ત રાજ્ય પુકાર કરીને
ખ્રિસ્તરાજ્ય જગમાં લાવીને
શાંતિ સ્થાપીશું...
ઐકયતા સાધીશું...સહુ...

ખ્રિસ્ત શહીદને પ્રેમે નવાજી
ગાશું ગાથા થઇને રાજી
આરસ ખાંભી કબરે ચણીને
કનકથી કોતરશું...
દુનિયાને દેખાડશું...સહુ...

"મ્હારે લીધે જાન ગુમાવે
લાભ નિશ્ચે મોનો નહીં ખુએ"
ઉક્તિ બાયબલની ટાંકીને
ધર્મને દૃઢ કરશું...
સમાજ સુધારશું...સહુ...

૭ મ્હારી પ્યારી.

(રાગઃ—મારા ભારત પ્યારા...)

મ્હારા હૃદયની રાણી
અતિ મુજને તું પ્યારી...
મુજ જીવનમાં તું રસ ભરતી
મુજને ધૈર્ય દેતી...(૨)
જીવન નાવને હંકારતી...અતિ...

જીવન વાટમાં અનલ બળતો
વર્ષા થઇ પડતી...(૨)
મહા અનલ ઓલવતી...અતિ

ઠંડી સમીર લહરીઓથી
જ્યારે કંપે મુજ કાય...(૨)
ઉષ્મા થઇ લિટાઈ વળતી...અતિ...

નિશા સમયે નિદ્રાધિન થઇ
આંખડી મુજ મળતી...(૨)
ત્યારે રક્ષક થઇ ફરતી...અતિ...

હરખશોકના સાગર મધ્યે
જ્યારે હું ડુબતો...(૨)
મ્હારી સમીપમાં રહેતી...અતિ.

૮ પ્રેમકી પ્યાસ.

(રાગઃ-મોહે પ્રેમકે ઝૂલે ઝૂલાવો કોઇ)

મુજ પ્રેમની પ્યાસ છીપાવો કોઇ...
મને સ્નેહનો સાગર બતાવો કોઇ...

પ્રેમી પંખી કો મુજ પાસ આવો
પ્રીતિ કરી પ્રેમ રાહ બતાવો...
મને પ્રીતનો પ્યાલો પિવાડો કોઇ...મુજ

દીપક સ્નેહ જેમ પતંગ બળે છે.
સ્નેહ કાજે જીવન અર્પણ કરે છે,
તેવો સ્નેહ મને સમજાવો કોઇ...મુજ

પુષ્પ સુવાસ જેને મસ્ત કરે છે.
ભ્રમર ભોગી ભોગ ધરે છે,
એવી સ્નેહ સુગંધ સુંઘાવો કોઇ...મુજ

સ્નેહ વિના જીવન નિરસ લાગે.
પ્રિયપાત્ર વિના દુઃખ નવ ભાગે,
એવી સ્નેહની દેવી બતાવો કોઇ...મુજ

પ્રેમનો પ્યાલો પ્રભુની ભક્તિ.
નિશદિન પીવાથી મળે છે મુક્તિ,
એવો મોક્ષનો માર્ગ બતાવો કોઇ...મુજ

૯ જીવન નૈયા.

(રાગઃ—તુજ બીન મોરી કોન ખબર લે...ગોવરધન ગીરધારી.)

તુજ વિણુ નૈયા કોણુ તરાવે
સત ગુરુ ઇસુનાઝારી...રે...
જીવન સાગરે છોળો ઉછળે
નાવ ચડે છે ખરાબે...રે ..તુજ
સાગર વિષે સમીર વ્હેતો
ડગમગે જીવન નૈયા...રે...તુજ
પાપરૂપી મચ્છ જોર કરે છે
ભર દરિયે ડુબાવે...રે...તુજ
સાચો સુકાની મસીહ મળે તો
સ્વર્ગ દેશે નાવ જાયે...રે...તુજ

૧૦ સત્ય પંથ,

(રાગઃ—ધીરે, ધીરે, ધીરે ધીરે તું હોડી હંકાર...)

આવો! આવો! આવો આવો સતપંથ બતાવો
દીપિકા બતાવો
પ્રકાશમાં ચલાવો...આવો...
જીવન રણે થાયે બહુ પાપ,
શુદ્ધતા આપો મને પ્રભુ બાપ...આવો...

વાદળ ઘેરું સુઝે નવ વાટ
　　ચંદ્ર થાઓ પ્રભુ મજ માટ...આવો...
ઇસુ મસીહ જીવનદીપ થાય,
　　જીવન પ્રકાશમય પ્રભુ થાય...આવો...

૧૧ રૂધિર મુલ્ય

(મેં તો આરતી ઉતારું રાધે શ્યામકી રે...એ રાગ.)

દરસ કાજ દોડી જાઉં મસીહ ખ્રિસ્તનાં રે
મસીહ ખ્રિસ્તનાં રે જગઉદ્ધારનાં રે...દરસ

હ્રદય તણાં દ્વાર ખોલ તણી ભક્તિ, ઉડે છોળ
　　મસીહ નામ બોલ બોલ...(૨)

મન મંદિરે રાખું હું, મસીહ ખ્રિસ્તને રે...દરસ
જીવન પાપ તણું તોડ, ઉગે પવિત્રાઇ છોડ
　　સ્વર્ગ તણો મળે જોગ...(૨)

જીવન સરિત હું વહાવું મસીહ સાગરે...રે...દરસ
પ્રેમ જીવન ગાળ જગે, દુશ્મનો જીતાય સખે
　　સંપના શણગાર સજે...(૨)

રૂધિર મુલ્ય હું તો આંકુ મસીહ ખ્રિસ્તનું રે...દરસ